# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
## પરીક્ષા શાખા.

**એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૨૭/૦૨/૨૦૨૪ નાં રોજ ઓનલાઈન મળેલ સભાની કાર્યવાહીની નોંધ**

એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની સભા તા. ૨૭/૦૨/૨૦૨૪ ને મંગળવારનાં રોજ બપોરના ૦૩.૩૦ કલાકે મા. કુલપતિશ્રી ડૉ. મુકુલભાઈ પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને ઓનલાઈન મળેલ.

**ઓનલાઈન સભામાં નીચે મુજબના સદસ્યશ્રીઓ હાજર રહેલ.**

(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૩) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, નાયબ નિયામકશ્રી, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૪) વૈદ્ય ભરતભાઈ કલસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૫) વૈદ્ય શ્રેયસભાઈ ભાલોડીયા, આચાર્યશ્રી, ગ્લોબલ આયુર્વેદ કોલેજ, રાજકોટ
(૬) વૈદ્ય દિલીપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૭) કુલસચિવશ્રી, મેમ્બર સેક્રેટરી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**ઓનલાઈન સભામાં નીચે મુજબના સદસ્યશ્રી હાજર રહેલ નહીં.**

(૧) નિયામકશ્રી આયુષ, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર

કાર્યસૂચિ–૧ :

તા. ૧૮/૦૩/૨૪ થી શરૂ થનાર એમ.ડી. પ્રીલીમીનરી પરીક્ષામાં પેપર સેટર તથા પેપર મોડરેટરશ્રીઓની નિમણુંક થવા બાબત.

તા. ૧૮/૦૩/૨૦૨૪ થી શરૂ થનાર એમ.ડી.ની પ્રીલીમીનરી પરીક્ષા માટે પેપર સેટર તથા પેપર મોડરેટરશ્રીઓની નિમણુંક કરવાની રહે છે. જુદી જુદી આયુર્વેદની પી.જી. કોલેજો તરફથી આવેલ વિષયવાઈઝ તજજ્ઞશ્રીઓના નામની યાદી પરિશિષ્ટ–૧ થી તથા યુનિવર્સિટી સંલગ્ન પી.જી. સેન્ટરોમાંથી આવેલ તજજ્ઞશ્રીઓની યાદી પરિશિષ્ટ–૨ થી મોકલી આપેલ. સદરહુ પરીક્ષા માટે હાલ (૧) રીસર્ચ મેથોડોલોજી (૨) કાયાચિકિત્સા (૩) દ્રવ્યગુણ (૪) શાલાકય તંત્ર એમ કુલ–૪ વિષયોના પેપર સેટર તથા મોડરેટરશ્રીની નિમણુંક થવા બાબતે પ્રસ્તાવ રજુ કરેલ છે.

**તા. ૧૮/૦૩/૨૦૨૪ થી શરૂ થનાર એમ.ડી. પ્રીલીમીનરી પરીક્ષામાં પેપર સેટર તથા પેપર મોડરેટરશ્રીઓની સર્વાનુમતે નિયુકિત કરવામાં આવી.**

કાર્યસૂચિ–૨ :

તા.૧૮/૦૩/૨૪ થી શરૂ થનાર એમ.ડી. પ્રીલીમીનરી પરીક્ષામાં સીનીયર સુપરવાઈઝરશ્રીની નિમણુંક થવા તથા સદરહુ પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્ર નિયત કરવા બાબત.

તા. ૧૮/૦૩/૨૦૨૪ થી શરૂ થનાર એમ.ડી.ની પ્રીલીમીનરી પરીક્ષામાં સીનીયર સુપરવાઈઝરશ્રીની નિમણુંક થવા તથા સરદહુ પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્ર નિયત કરવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**તા. ૧૮/૦૩/૨૦૨૪ થી શરૂ થનાર એમ.ડી.ની પ્રીલીમીનરી પરીક્ષામાં સીનીયર સુપરવાઈઝરશ્રીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી તથા સદરહુ પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્ર – સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા તેમજ સદરહુ પરીક્ષા માટે એસેસમેન્ટ કાર્ય બરોડા કોલેજ ખાતે કરાવવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.**

...૨...

<u>કાર્યસૂચિ–૩ :</u>
બી.એ.એમ.એસ. તથા બી.એન.વાય.એસ.ની આગામી પરીક્ષાની તારીખો નકકી થવા બાબત.

પરીક્ષા શાખા દ્વારા લેવાનાર બી.એ.એમ.એસ. તથા બી.એન.વાય.એસ.ની પરીક્ષાની તારીખો નકકી કરવાની રહે છે. બી.એ.એમ.એસ. ની પ્રથમ, દ્વિતીય અને ચતુર્થ વર્ષના રીપીટર વિદ્યાર્થીઓની તથા તૃતીય વર્ષના રેગ્યુલર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની થાય છે. તેમજ બી.એન.વાય.એસ.ની પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની થાય છે. અગાઉ પરીક્ષાના એકેડેમીક કેલેન્ડરમાં નિયત થયા પ્રમાણે તા. ૦૯/૦૪/૨૦૨૪ થી તા. ૧૭/૦૪/૨૦૨૪ સુધી લેખિત પરીક્ષા તથા તા. ૨૦/૦૪/૨૦૨૪ થી પ્રેકટીકલ પરીક્ષાની અંદાજીત તારીખ દર્શાવેલ, જે ધ્યાને લઈ ઉપરોકત બંને પરીક્ષાની તારીખો નિયત થવા બાબતે પ્રસ્તાવ રજુ કરેલ છે.

**બી.એ.એમ.એસ. ની પ્રથમ, દ્વિતીય અને ચતુર્થ વર્ષના રીપીટર વિદ્યાર્થીઓની તથા તૃતીય વર્ષના રેગ્યુલર વિદ્યાર્થીઓની લેખિત પરીક્ષા તા. ૦૧/૦૪/૨૦૨૪ થી તા. ૦૯/૦૪/૨૦૨૪ સુધી યોજવાનો તેમજ પ્રથમ અને તૃતીય વર્ષની પ્રેકટીકલ પરીક્ષા તા. ૧૨/૦૪/૨૦૨૪ થી શરૂ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. પ્રથમ અને તૃતીય વર્ષની પ્રેકટીકલ પરીક્ષા પૂર્ણ થયા બાદ દ્વિતીય અને ચર્તુથ વર્ષની પ્રેકટીકલ પરીક્ષા શરૂ કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

**બી.એન.વાય.એસ.ની પ્રથમ રીપીટર, દ્વિતીય અને તૃતીય વર્ષ રીપીટર તથા રેગ્યુલર તેમજ ચતુર્થ વર્ષની માત્ર રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષાઓ તા. ૦૧/૦૪/૨૦૨૪ થી શરૂ કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

<u>બાબત–૧ :–</u>
ચતુર્થ વર્ષ બી.એન.વાય.એસ.ની પરીક્ષા લેવા બાબત.

બી.એન.વાય.એસ. ની ચતુર્થ વર્ષના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા અંગે વિદ્યાર્થીઓની અરજી કોલેજના આચાર્યશ્રીના પત્ર સાથે આવેલ. આચાર્યશ્રીના તા. ૨૩/૦૨/૨૦૨૪ ના પત્રની વિગતે ચતુર્થ વર્ષ બી.એન.વાય.એસ. ના વિદ્યાર્થીઓએ તેઓશ્રીને મેઈલ દ્વારા તેમજ અવાર નવાર લેખિત તથા મૌખિક રજુઆત કરેલ છે. ચતુર્થ વર્ષ બી.એન.વાય.એસ. નો અભ્યાસગાળો ૧૮ માસનો છે. તા. ૧૭/૦૪/૨૦૨૩ થી ચતુર્થ વર્ષ શરૂ થયેલ હોઈ, નિયમાનુસાર સપ્ટેમ્બર–૨૦૨૪ માં ટર્મ પુરી થાય છે, ટર્મ પુરી થયા બાદ પરીક્ષા લેવી યોગ્ય છે, પરંતુ વિદ્યાર્થીઓની રજુઆત એપ્રિલ–૨૦૨૪ માં પરીક્ષા લેવા માટેની છે. તેઓની રજુઆત છે કે, કોરોના સમય દરમ્યાન તેઓનો છ માસનો સમય બગડેલ છે, જેથી પરીક્ષા છ માસ વહેલી કરવી. પરીક્ષા વહેલી લેવાથી ૭૫% હાજરી તેમજ સીલેબસ પૂર્ણ ન થવા જેવી મુશ્કેલીઓ ઉભી થશે તેમજ હાલ અન્ય વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પણ ભવિષ્યમાં વહેલી પરીક્ષાની માંગ કરી શકે તેવી શકયતાનો ઉલ્લેખ આચાર્યશ્રી મોરારજી દેસાઈ કોલેજના પત્રમાં છે. ચતુર્થ વર્ષ બી.એન.વાય.એસ.ની પરીક્ષા એપ્રિલ–૨૦૨૪ માં લેવી કે સપ્ટેમ્બર–૨૦૨૪ માં ટર્મ પૂરી થયા બાદ લેવી તે અંગે નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ચતુર્થ વર્ષ બી.એન.વાય.એસ.ની પરીક્ષા એપ્રિલ–૨૦૨૪ માં લેવી કે સપ્ટેમ્બર–૨૦૨૪ માં ટર્મ પૂરી થયા બાદ લેવી તે અંગે ગહન ચર્ચા વિચારણા બાદ એકઝામીનેશન કંટ્રોલ બોર્ડના સદસ્યશ્રીઓ આચાર્યશ્રી, મોરારજી દેસાઈ કોલેજનો પત્ર વંચાણે લઈ પરીક્ષા વહેલી લેવા માટે સહમત થયેલ નહીં અને વિદ્યાર્થીઓ તરફથી આવેલ એપ્રિલ–૨૦૨૪ માં પરીક્ષા લેવા માટેની રજુઆત ગ્રાહય રાખવામાં આવેલ નહીં. આ પરીક્ષા જુલાઈ–૨૦૨૪ માસમાં યોજવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

...૩...

બાબત—૨ :—
પ્રથમ વર્ષ બી.એ.એમ.એસ. ની પરીક્ષા માટે પેપર સેટર તથા પેપર મોડરેટરની નિયુકિત થવા બાબત.

બી.એ.એમ.એસ. ની પ્રથમ, ધ્વિતીય અને ચતુર્થ વર્ષના રીપીટર વિદ્યાર્થીઓની તથા તૃતીય વર્ષના રેગ્યુલર વિદ્યાર્થીઓની આગામી એપ્રિલ—૨૦૨૪ ના માસથી પરીક્ષા લેવાની થાય છે. પ્રથમ વર્ષના પેપરોના ત્રણ નવા સેટ તૈયાર કરાવવાના રહે છે. પ્રથમ વર્ષના કુલ—૫ વિષયો (પદાર્થ વિજ્ઞાન, સંસ્કૃત, મૌલિક સિધ્ધાંત, ક્રિયા શારીર અને રચના શારીર) છે, તેથી કુલ—૫ પેપર સેટર તથા કુલ—૫ પેપર મોડરેટરની નિયુકિત થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**પ્રથમ વર્ષ બી.એ.એમ.એસ. ની પરીક્ષા માટે પેપર સેટર તથા પેપર મોડરેટરની સર્વાનુમતે નિયુકિત કરવામાં આવી.**

બાબત—૩ :—
માઈગ્રેશન સર્ટીફીકેટ માટે નો—ઓબ્જેકશન સર્ટીફીકેટ આપવા અંગેની ફી બાબત.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન આયુર્વેદ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી તે કોલેજ છોડીને અન્ય યુનિવર્સિટી / કોલેજ ખાતે પ્રવેશ મેળવવા માંગતા હોય ત્યારે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના નો—ઓબ્જેકશન સર્ટીફીકેટની જરૂરીયાત રહે છે, તેથી લગત વિદ્યાર્થી જરૂરી આધારા – પુરાવા સાથે અત્રે આચાર્યશ્રી મારફત અરજી કરે છે. આ નો—ઓબ્જકેશન સર્ટીફીકેટ માટેની જરૂરી ફી રૂા. ૫૦૦/— નિયત થયેલી છે. આ ફી ઘણાં લાંબા સમયથી અમલમાં છે. વિદ્યાર્થીઓ દ્વારા અવાર નવાર આવા નો—ઓબ્જેકશન સર્ટીફીકેટ આપવા બાબતની અરજીઓ કરતાં હોય છે. આથી નો—ઓબ્જેકશન સર્ટીફીકેટ માટેની નિયત થયેલી ફી બાબતે ચર્ચા – વિચારણા કરી ફી ની રકમ વધારવી કે કેમ ? તે અંગે નિર્ણય કરવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન આયુર્વેદ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી તે કોલેજ છોડીને અન્ય યુનિવર્સિટી / અન્ય કોલેજ ખાતે પ્રવેશ મેળવવા માંગતા હોય તે બાબતે સરકારશ્રીના કોઈ ઠરાવો ઉપલબ્ધ ન હોય સરકારશ્રીમાંથી માર્ગદર્શન મેળવવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

( ડો. એ. બી. ચાવડા )
ઈન્ચાર્જ કુલસચિવ

નં.૪/પરીક્ષા/કંટ્રોલબોર્ડ/૨૦૨૩—૨૪/ 1899 તા. ૨૭/૦૨/૨૦૨૪

પ્રતિ,

(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૨) નિયામકશ્રી આયુષ, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, નાયબ નિયામકશ્રી, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૪) વૈદ્ય ભરતભાઈ કલસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૫) વૈદ્ય શ્રેયસભાઈ ભાલોડીયા, આચાર્યશ્રી, ગ્લોબલ આયુર્વેદ કોલેજ, રાજકોટ
(૬) વૈદ્ય દિલીપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૭) કુલસચિવશ્રી, મેમ્બર સેક્રેટરી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**નકલ રવાના :—**

(૧) પી. એસ. ટુ વી. સી. (૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર (૩) હિસાબી શાખા
(૪) કોમ્પ્યુટર પ્રોગામરશ્રી, કુલપતિશ્રી કાર્યાલય